# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૮૭ તા.૨૦-૧૧-૨૦૧૮

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે તા.૨૩-૧૧-૧૮ થી તા.૨૮-૧૧-૧૮ દરમ્યાન સરદાર પટેલ સ્ટેડિયમ ખાતે ૪૫ મું નેશનલ ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શન યોજાનાર છે. તમારી શાળામાંથી સત્રાંત પરીક્ષા-૨૦૧૮ના જે-તે ધોરણમાં વિજ્ઞાન વિષયમાં સર્વાધિક ગુણ મેળવનાર પ્રથમ ૧૦ વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શનનું એક્સપોઝર મળી રહે તે માટે નીચે દર્શાવ્યા અનુસાર તારીખ,સમય અને સ્થળે જે-તે ધોરણના વર્ગશિક્ષક સાથે ઉપસ્થિત રહેવું.

**સંમતિ પત્રક :**

- દરેક વર્ગશિક્ષકે ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શનની મુલાકાતે આવનાર વિદ્યાર્થીઓના વાલીઓની લેખિત સંમતિ મેળવી લેવાની રહેશે.
- દરેક મુખ્ય શિક્ષકે પોતાની શાળામાંથી વર્ગવાર જનાર બાળકોના સલામત વ્હીકલ તેઓની સેફટી વગેરેનું ખાસ ધ્યાન રાખવાની તાકીદ દરેક વર્ગશિક્ષકે બિનચૂક રીતે આપવાની રહેશે.

**શિસ્ત અને સલામતિ :**

- વર્ગશિક્ષકે ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શનની મુલાકાતે આવનાર વિદ્યાર્થી સ્વસ્થ હોય, નવું ભણવા માટે કુતુહલ હોય, શિસ્તબદ્ધ વર્તે, પ્રદર્શન સ્થળે નિયત કરેલ નિયમો અનુસાર વર્તે તે સુનિશ્ચિત કરવું.
- દરરોજ સવારે ઉપરોકત બાળકો અને પરત ફરેલ બાળકોનું રિપોર્ટીંગ મુખ્યશિક્ષકે મેળવવું.
- કૃતિઓ અને તેની પાછળના વૈજ્ઞાનિક તથ્યોની સમજણ વિદ્યાર્થીઓને મળે તે માટે વર્ગશિક્ષકશ્રીએ ભાષાંતરની મદદ આપવાની રહેશે.

**ખર્ચ :**

- વિદ્યાર્થીઓને રાષ્ટ્રીયકક્ષાના વિજ્ઞાન-ગણિતની કૃતિઓ તેની સંકલ્પનાઓ ઈનોવેશનનો અધ્યયન અનુભવ મળે તેવી એકસપોઝર વિઝીટ(પ્રદર્શન નિહાળવા) માટેનો શાળાથી પ્રદર્શન સ્થળ સુધી આવવા-જવા માટેનો વ્યાજબી ટ્રાન્સપોર્ટેશન ખર્ચ શાળાના મુખ્ય શિક્ષકશ્રીએ સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત શાળા વિકાસ ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.

**ગુણાંકન અહેવાલ :**

- વર્ગશિક્ષક પાસેથી ત્રણ થી પાંચ પેજનો મુલાકાત અહેવાલ શાળાના મુખ્ય શિક્ષકશ્રીએ મેળવી શાળા દફતરે રાખવો.

**ઓળખકાર્ડ :**

- બાળકને ઓળખકાર્ડ સાથે સ્વચ્છ સુઘડ ગણવેશમાં લાવવાના રહેશે.

**રજીસ્ટ્રેશન :**

- આ સાથે સામેલ નિયત પત્રક અનુસારનું દરરોજનું મુલાકાતી ફોર્મ પ્રદર્શન સ્થળે કાઉન્ટર પર જમા કરાવવાનું રહેશે.

પ્રદર્શન નિહાળવાનો કાર્યક્રમ

| ક્રમ | તારીખ | પ્રદર્શન નિહાળવા આવનાર ધોરણ | સમય | પ્રદર્શન નિહાળવા આવનાર બાળકોની શાળા દિઠ સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ૨૪/૧૧/૧૮ | ૬ | ૧૦:૦૦ થી ૪:૦૦ કલાક | ૧૦ |
| ૨ | ૨૬/૧૧/૧૮ | ૭ | ૧૦:૦૦ થી ૪:૦૦ કલાક | ૧૦ |
| ૩ | ૨૭/૧૧/૧૮ | ૮ | ૧૦:૦૦ થી ૪:૦૦ કલાક | ૧૦ |

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

હાજરી માટેનું ફોર્મેટ

શાળાનું નામ ..............................

મુખ્ય શિક્ષકનું નામ .............................. મો.નં..............

બાળકોની સાથે આવનાર શિક્ષકનું નામ .............................. મો.નં..............

પ્રદર્શન નિહાળવાની તારીખ ............. સમય .............

| ક્રમ | બાળકનું નામ | ધોરણ | બાળકની સહી |
|---|---|---|---|
| ૧ | | | |
| ૨ | | | |
| ૩ | | | |
| ૪ | | | |
| ૫ | | | |

શિક્ષકની સહી

મુખ્ય શિક્ષકની સહી/ સિકકો

તા.૨૦-૧૧-૨૦૧૮

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી